મેળવી શકે ?* ખરેખર તેમની રચનાશૈલી વિમળતાવાળી છે.

તેમના આ બે ગ્રંથોમાંનો 'પઉમચરિયં' ઉપલબ્ધ છે, જે દશ હજાર શ્લોકપ્રમાણ છે અને તે બહુ પ્રસિદ્ધિ પામ્યો છે અને છપાઈ પણ ગયો છે.■

સૂરિજીએ 'પઉમચરિયં'માં પોતાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે :

**"पंचेव य वाससया, दुसमाए तीसवरिससंजुत्ता ।**
**वीरे सिद्धिमुवगए, तओ णिबद्धं इमं चरियं ॥१०३॥**

**राहूनामायरिओ, ससमय-परसमयगहियसब्भाओ ।**
**विजओ अ तस्स सीसों, नाइलकुलवंसनंदियरो ॥११७॥**

**सीसेण तस्स रइयं, राहवचरियं तु सूरिविमलेण ।**
**सोऊणं पुव्वगए, नारायणसीरि-चरियाइं ॥१२८॥**

વીરનિર્વાણ સં. ૫૩૦માં 'પઉમચરિયં' રચ્યું. નાગિલકુળમાં સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના જ્ઞાતા આ૦ રાહૂસૂરિ થયા, તેમની પાટે આ૦ વિજયસૂરિ થયા, તેમના પટ્ટધર વિમલસૂરિએ પૂર્વોમાં રહેલ વાસુદેવ વગેરેનાં ચરિત્રો સાંભળી આ 'રાઘવચરિત્ર' બનાવ્યું.

અહીં આચાર્યશ્રી પોતાનો સમય વીરની છઠ્ઠી સદીમાં બતાવે છે. જ્યાં ગ્રંથકાર પોતે જ આવો સ્પષ્ટ સમયનિર્દેશ કરે, ત્યાં કોઈ જાતની શંકાને સ્થાન જ રહેતું નથી પરંતુ નાગિલકુલ વીર સં. ૬૦૦ પછી સ્થપાયું છે, તો પછી વીર સં. ૫૩૦માં તે કુળમાં આ આચાર્ય થયા છે એ બને જ કેમ ? એટલે કે તેમનો સમયનિર્ણય ઘણું સંશોધન માંગી લે છે. તેઓ વિક્રમની પાંચમી સદી દરમ્યાનકાળના આચાર્ય છે. તેઓ પૂર્વધર છે અને પૂર્વધરનો કાળ વિ.સં. ૫૯૦ સુધીનો છે. એટલે તેઓ વિ.સં. ૫૯૦ પહેલાં થયા છે એ નિર્વિવાદ વાત છે.■ અમે તો તેમને વિવાદગ્રસ્તકાળના કારણે વિવાદગ્રસ્તકાળવાળા આચાર્યો સાથે અહીં મૂક્યા છે.

---

★ **इसके सिवाय प्राकृत 'पउमचरियं'की रचना जितनी सुंदर, स्वाभाविक और आडम्बर रहित है, उतनी (आ० हरिषेण के) 'पद्मचरित'की नहीं है ।**

**(श्रीयुत नाथुराम प्रेमी का 'जैन साहित्य और इतिहास' पृष्ठ : २७६)**

● પ્રો. હર્મન જેકોબી સંપાદિત આ૦ વિમલસૂરિનું પઉમચરિયં ભાવનગરની જૈનધર્મ પ્રસારક સભાએ છપાવ્યું છે.

■ ડો. વિંટરનીત્સ, ડો. લોયમેન વગેરે આ૦ વિમલસૂરિને વીર સં. ૫૩૦માં વિદ્યમાન હોવાનું માને છે. ડો. કીથ, ડો. બુલહર વગેરે આ આચાર્યને ઈસ્વીસનની ૭મી સદીમાં વિદ્યમાન હોવાનું માને છે.